જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૫/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૨૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૯૭ લીટર દેશી દારૂ, ૧૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૩ બિયર ટીન અને ૧ છોટા હાથી ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૨૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૨૬/૨૦૨૩

**સેટેલાઇટ**ઃ ડૉ.બંસીલાલ દામોદરલાલ સાબુ (ઉ.વ.૫૨) (રહે. સત્યમ ઇગ્નીયા જોધપુર ગામ રોડ સેટેલાઇટ) એ તા.૨૨/૦૫/૨૦૨૩ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૪/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી તા.૨૮/૦૪/૨૦૨૩ કલાક ૧૧/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભરતભાઇ શાંતિલાલ સોની, મનિષાબેન ભરતભાઇ સોની અને કિર્તીભાઇ શાંતિલાલ સોની (તમામ રહે. કંચનદીપ એપાર્ટ્મેન્ટ એસ.એમ.રોડ નહેરૂનગર સેટેલાઇટ રોડ) નહેરૂનગર ૧/૨ ગાંધી પાર્ક ખાતે "ડાયાબીટીશ કેર એન્ડ હોર્મોન્સ ક્લીનીક" ખાતેથી ડૉ.બંસીલાલ સાબુને વિશ્વાસમાં લઈ હોલમાર્ક વગરના સોનાના બિસ્કીટ નંગ-૧૦ આપી ડૉ.બંસીલાલ સાબુ પાસેથી રોકડ રૂપિયા ૫૯,૫૦,૦૦૦/- મેળવી લઈ ત્યારબાદ સોનાના બિસ્કીટ હોલમાર્ક કરાવવી આપવાનુ કહી સોનાના બિસ્કીટ લઇ જઇ પરત નહી આપી તેમજ આપેલ પૈસા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવેછે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૨૭/૨૦૨૩**

**નારણપુરાઃ** ડૉ.રાકેશભાઇ કાંતીલાલ શાહ (રહે. જીવનદીપ સોસાયટી ડી.કે.પટેલ હોલ પાછળ પથીક ચાર રસ્તા નારણપુરા) એ તા.૨૨/૦૫/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૨૩ કલાક ૩/૪૫ થી તા.૨૨/૦૫/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના રસોડાના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટના ડ્રોઅર માંથી તથા હોમથીયેટર રૂમમાંથી સોનાના દાગીના, રાગા કંપનીની ઘડીયાળ નંગ-૨, ચાંદીના સિક્કા નંગ-૧૨ રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/-, હોમ ઓટોમેશન કંટ્રોલર યુનીટ, યુનીફાઇ વાઇફાઇ એક્સેસ પોઇન્ટ યુનીટ, નેટગીયર કંપનીનું રાઉટર, કોમ્યુનીકેશન ગેટ વે યુનીટ, HDMI સ્પીલટર યુનીટ, ટાટા સ્કાય સેટપ બોક્ષ, મિડીયા પ્લેયર, નેટવર્કીંગ સ્વીચ તથા સીસીટીવી કેમેરાનુ ડીવીઆર મળી કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૨૮/૨૦૨૩**

**રાણીપઃ** કુલદીપસિંગ રઘુવીરસિંગ રાઠોડ (ઉ.વ.૨૬) (રહે. ગોપાલપુરાના છાપરાં મહાદેવ મંદીર પાસે અંધ કલ્યાણ કેન્દ્ર સામે રાણીપ) તા.૨૨/૦૫/૨૦૨૩ કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રેલવે પાટા ઓળંગતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજયકુમાર ચંદુલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૨૯/૨૦૨૩**

**રાણીપઃ** ચિરાગભાઇ મહેદ્રભાઇ સોની (ઉ.વ.૩૮) (રહે. જુની ગાંધી સાગર સોસાયટી ભાલનગર સોસાયટી પાસે રાધા-સ્વામી રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજયકુમાર ચંદુલાલ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ગણેશ સ/ઓ ઇરપ્પા ભિમનપલ્લી (ઉ.વ.૪૯) (રહે. પટેલ પરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપ સામે રખિયાલ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૫/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશકુમાર જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી